## નારી ગૌરવ નીતિ

રાજય સરકાર દ્વારા સરકારના તમામ વહીવટી વિભાગો મહિલાઓના પ્રશ્નો અંગે જાગ્રત થાય અને તેમના આર્થિક, સામાજિક, શૈક્ષિણક, કલ્યાણ વગેરે ક્ષેત્રોમાં સર્વાંગી વિકાસમાં તેમની યોજનાઓનો લાભ મહિલાઓને મળી શકે તે હેતુથી રાજય સરકાર દ્વારા નારી ગૌરવ નીતિની વર્ષ-૨૦૦૬માં રચના કરવામાં આવેલ છે. આ નીતિથી રાજયના સંબંધિત વહીવટી વિભાગોએ નિયત સમયમાં અમલી યોજનાઓ, કાર્યક્રમો, નીતિઓ તેમજ કાયદાઓમાં સુધારા-વધારા કરી અથવા તો મહિલાઓના વિકાસ અર્થે નવી યોજના, કાર્યક્રમો અને નીતિઓ તૈયાર કરી તે નિયત સમયમાં અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઉપરાંત આ નીતિના અસરકારક અમલીકરણ માટે એક સુદૃઢ માળખું પણ રચવામાં આવેલ છે. આ નીતિ અંતર્ગત નીચેનાં મહત્ત્વનાં કાર્યો થયેલ છે.

- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં મહિલા ઉમેદવારને જરૂરી માહિતી પૂરી પાડવા તમામ સ્તરે મહિલા અધિકારી દ્વારા મહિલાઓ માટેનું અલાયદું માહિતી કેન્દ્ર શરૂ કરવા સૂચવેલ છે. (રાજય ચૂંટણી પંચ)
- આઈ.પી.સી. કલમ ૪૯૮(એ) હેઠળ ફરિયાદ નોંધાતા પહેલાં ફરિયાદીના કાઉન્સેલિંગ માટે મહિલા પોલીસ સેલ/ મહિલા પોલીસ સ્ટેશનમાં કાઉન્સેલિંગ કમિટીની રચના કરવા તમામ મહિલા પોલીસ સ્ટેશન તેમજ મહિલા સેલને સૂચના આપવામાં આવેલ છે. (ગૃહ વિભાગ)
- રાજય સરકાર દ્વારા જુદા-જુદા શૈક્ષિણક અને વહીવટી સંસ્થાનોમાં કન્યા અને મહિલાઓ સાથે થતી જાતીય સતામણી અટકાવવા માટે રાજય સરકાર દ્વારા તમામ શૈક્ષિણક અને વહીવટી સંસ્થાનમાં ઉચ્ચસ્તરીય જાતીય સતામણી સમિતીની રચના કરવા ઠરાવેલ છે. (મહિલા અને બાળ વિકાસ વિભાગ)